॥ ગાવો વિશ્વસ્ય માતરઃ ॥

# શ્રી જલારામ ગૌશાળા ભાભર

માંદી, લુલી-લંગડી દેશી ગાયોની દેવભાવથી સેવા કરતી


**ગૌશાળા ત્થા ગૌ હોસ્પીટલ**





ભુખ્યાને ભોજન
તરસ્યાને પાણી
ગાયોને ઘાસ
કુતરાને રોટલા

દુઃખીયારા
માનવીઓની સેવા
એ જ તો છે
જીવનની
સાચી કમાણી



**શ્રી જલારામ ગૌ સેવા ટ્રસ્ટ**
**(Shree Jalaram Gauseva Trust)**
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ભાભર
Account No. : 30583615451
IFCcode - SBIN0002632
નામથી દાન મોકલવા વિનંતી છે.

સંસ્થાને મળતા દાન ઈન્કમટેક્ષ કલમ-૮૦-જી મુજબ કરમુક્ત છે

અમદાવાદ ઓફીસ : ૨૧૯, ટાયટેનિયમ સીટી સેન્ટર મોલ, ૧૦૦ ફૂટ આનંદનગર રોડ, સચીન ટાવર પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
ફોન : ૦૭૯ – ૪૦૩૨૪૦૦૦ મો. : ૯૭૧૪૭ ૩૧૦૦૦, ૯૭૧૪૭ ૩૨૦૦૦
E-mail : jalaramgauseva@yahoo.com    Web : www.jalaramgauseva.org









પરમશ્રધ્ધેય સંતશ્રી
આનંદપ્રકાશ બાપુ એટા



પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજયકનક પ્રભ સુરીશ્વરજી મ.સા.



પરમશ્રધ્ધેય સંતશ્રી
હરીરામબાપા જસદણ

## પ્રાતઃસ્મરણીય પાવનસંતોના પગલાં અને અમીભર્યા વચનોથી ગૌસેવાનું આ વટવૃક્ષ ઘેઘુર વડલો થયો છે.



શ્રી આ.વિ. ભુવન શેખર
સુરીશ્વરજી મહારાજા



શક્તિરૂપા શ્રી રમાબેન હરિયાણિજી
જેમણે રામનામ જપનો આહલેક જગાવ્યો છે.



આચાર્ય
કિર્તીયક્ષસુરેશ્વરજી મ.સા.



પ.પૂ. શ્રી ગુરૂદેવ
ચંદ્રશેખર વિ.મ.સા.



પ.પૂ. તુલસારામજી મહારાજ
બ્રહ્મધામ આસોતરા

**ગાયો સમસ્ત પ્રાણીઓને માતાની જેમ સર્વ પ્રકારે સુખ આપે છે**






# શ્રી જલારામ ગૌશાળા ભાભર

## એક તિર્થભૂમિ

શ્રી જલારામ ગૌશાળા ભાભર એ શબ્દનો પર્યાય એટલે માંદી ગાયોની સેવા કરતી ભારતભરની અગ્રગણ્ય ગૌશાળા અને ગૌહોસ્પીટલ, પરમાત્માએ સ્વ્યંભૂ આ સંસ્થાનું નિર્માણ કર્યું છે. લગભગ ૩૬ વર્ષથી અલગ અલગ નામો બદલી સેવાની ગંગા વહેતી હતી, પરંતુ પાછલા ૧૬ વર્ષથી જ્યારથી જલારામબાપાનું નામાભીધાન થયું છે, ત્યારથી આ સંસ્થાનો અદ્‌ભૂત વિકાસ થયો છે, ચાલુ સાલે રૂા. ૧.૯૦ કરોડના દેવાને બાદ કરતા અત્યાર સુધી જેટલું ખર્ચ તેટલી આવક જળવાઈ રહી છે. સંખ્યાબંધ એમ્બ્યુલંસો દ્વારા પ્રતિદિન માંદી ગાયોની આવક અને અહી તેની પાટાપીંડી, ઓપરેશનો, ખૂબ જ ભાવથી થતા રહે છે. સારી ગાયો ખેડૂતોને આપી માત્ર આજીવન ન વિયાઈ સકે તેવી તથા અપંગ ગૌવંશની નિભાવ કરવાની સત્પ્રવૃત્તિ ચાલી રહી છે. સાથે ઉત્તરાયણ પર પતંગની દોરીથી પગ, પાંખ કપાયેલા પક્ષીઓને સાજા થયા પછી આજીવન નિભાવ, સમાજના કચડાયેલા ગરીબ પરિવારોને દર મહિને જીવનનિર્વાહ કીટનું વિતરણ. લગભગ ૮૦૦૦ થી વધુ ગૌવંશ અને ૨૫૦૦ થી વધુ પક્ષીઓની સેવામાં અમદાવાદ તથા ભાભર બંને જગ્યાએ થઈને ૨૫૦ વ્યક્તિઓનો સ્ટાફ કાર્યરત છે.

વર્તમાન સમયના ગૌઋષી પ્રાતઃસ્મરણીય સંતશ્રી ‘‘મહારાજજી’’ના શબ્દોમાં **‘‘આપણે ગાયની સેવા કરીએ છીએ તેવા ભ્રમમાં રહેવાની જરૂર નથી, ખરેખર ગાય આપણી સેવા કરે છે.’’** કળીયુગના આ સમયમાં માનવને પોતાની સેવા દ્વારા મોક્ષ પ્રાપ્ત કરાવવા માટે ગાય દુઃખ ભોગવે છે, ભૂખે મરે છે, પોતાની જાત ઉપર કષ્ટો સહન કરે છે, જીવતા પોતાની ચામડી ઉતરાવે છે, પોતાની ગરદન કપાવે છે.’’ માટે હિન્દુઓ જાગો આ સુવર્ણ તક આવી છે ગૌમાતાની સેવા કરવાની. ડોંગરેજી મહારાજનું આ વાક્ય કદાચ આપણને થોડામાં ઘણું બધું સમજાવી જાય છે.

**‘‘ભીખારી આપણા આંગણે ભીખ માંગવા નથી આવતો પણ તે આપણને એ સમજાવવા આવે છે કે ગયા જન્મમાં મેં કોઈને દાન નહોતું આપ્યું તેથી મારી આ દશા થઈ છે.’’**









# શ્રી જલારામ ગૌશાળા ભાભર - એક તિર્થભૂમિ

ભગવાન ભોળાનાથનું વાહન નંદી છે. જૈન આદી તીર્થંકર ભગવાન ઋષભદેવનું ચિહ્ન બળદ છે. ભગવાન બુદ્ધે કહ્યું ''માતા, પિતા, ભાઈ અને બીજા બંધુ છે એજ પ્રકારે ગાય આપણી પરમમિત્ર છે. એનાથી ઔષધી ઉત્પન્ન થાય છે.'' પારસીઓ નંદિપુંજા કરતા હતા. પ્રાચીન મુદ્રાઓ તથા પિરામિડોમાં બળદની આકૃતિઓ જોવા મળે છે. છઠ્ઠી શતાબ્દી પછીના મોટાભાગના સિક્કાઓમાં ગાય અને બળદના ચિહ્નો અંકિત થયેલા જોવા મળે છે. ભગવાન દત્તાત્રેય સદા પોતાની સાથે ગાયને રાખતા, મા ઉમિયાનું વાહન ગાય છે, ગુરૂ તેગ બહાદુરે ગાય બ્રાહ્મણના રક્ષણ માટે પોતાનું મસ્તક અર્પી દીધું હતું. ગુરૂ ગોવિંદસિંહે ભગવાનને પ્રાર્થના કરી હતી કે **''યહી દેહ આશા તુર્ક કો ખપાઉ ગૌઘાતકા દુઃખ જગત સે હટાઉ, આસ પૂર્ણ તુમ કરો હમારી, મીટે કષ્ટ ગૌ નેની ખેદ ભારી.''**

નામધારી શીખોએ ગૌરક્ષણ માટે ખૂબજ બલિદાનો આપ્યા છે. મહર્ષિ દયાનંદે ગાયોના વિનાશને પ્રજાનો ત્થા રાજાનો વિનાશ કહ્યો છે. તેમણે **''ગૌ કરૂણા નીધિ''** ગ્રંથ લખ્યો છે. **''ગાય બચાવવા પ્રાણ અર્પવા તૈયાર નથી એ હિન્દુ નથી.'' હિન્દુસ્તાનમાં હિન્દુઓ સાથે રહી ગૌહત્યા કરવી એ હિન્દુની જ હત્યા છે. ''ગૌહત્યા મારી હત્યા છે'' ગૌહત્યા એ મનુષ્ય હત્યા સમાન છે.** - મહાત્મા ગાંધી. બાદશાહ બાબરથી માંડી બહાદુરશાહ સુધીના ત્રણસો વર્ષના શાસનમાં ગૌહત્યારાઓને ગોળીએ દેવાતો, કાં એના હાથ કાપી નાખવામાં આવતા.

અખંડ ભારતના થરપારકરના લોહાણાવીર દાદા જસરાજ તથા ખેડા જિલ્લાના ફાગવેલ ગામના ભાથીજી મહારાજ લગ્નમાં ચોરીના ફેરા ફરતા હતા અને વિધર્મીઓ ગાયો આંતરીને જતા હતા તે સમાચાર મળતા લગ્નનાં ફેરા પડતાં મૂકી ગાયોની વ્હારે ગયા અને સહાદત વોરી, તેમની વીરતાની ગાથા આજે આખા દેશમાં ગવાય છે. ગુજરાત - સૌરાષ્ટ્રના ગામે ગામ આવા વીરોના પાળીયા જોવા મળે છે. ગૌ ભક્ત શંભુ મહારાજ, ડાંગરેજી મહારાજ, ગૌવધ સામે મહાન આંદોલન કરતા કરપાત્રીજી વગેરેને કેમ ભૂલાય!



**ભગવાન શ્રીકૃષ્ણનું તો નામ ગાય પરથી ''ગોપાલ'' પડ્યું છે ઉઘાડા પગે ગાયો ચરાવી સંસાર માટે એક આદર્શ રજૂ કર્યો છે.**

# ધરતી પરનું અમૃત એટલે દેશી ગાયનું દૂધ

ગાયના શરીરમાંથી ઉત્પન્ન પંચગવ્ય - દૂધ, મૂત્ર, છાણ, છાશ અને ઘી - મનુષ્યજીવન તેમજ ખેતી અને આયુર્વેદ માટે અત્યંત આવશ્યક છે.

**ગો-દૂધ :** ગાયના દૂધના કણ સૂક્ષ્મ અને સુપાચ્ય હોય છે. આથી મસ્તકની સૂક્ષ્મતમ નાડીઓમાં પહોંચી મસ્તકને શક્તિ આપે છે.

ગાયના દૂધમાં કેરોટીન - વિટામિન-એ - નામનો પદાર્થ છે. એ પીળો હોય છે. એ આંખની જ્યોતિ વધારે છે. ગાયનું દૂધ જીવનશક્તિ દેનાર દ્રવ્યોમાં સર્વશ્રેષ્ઠ છે. યુધિષ્ઠિરના મતે ગાયનું દૂધ અમૃત છે. ગાયના દૂધમાં ૮% પ્રોટીન, ૮% કાર્બોહાઈડ્રેટ અને ૦.૭% મીનરલ્સ (૧૦૦ આઈ.યુ.), વિટામિન એ.બી.સી.ડી. હોય છે. ગિનીસ બુકના દસ્તાવેજ પ્રમાણે દરરોજ ૧૨૦ લિટર દૂધ આપનાર ગાય ગિર-વંશની છે. દેશમાં ૪,૯૦,૦૦૦ દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. કરોડો લોકોની રોજીરોટી દૂધ પર છે. પશુઓ કપાતાં જશે, દૂધ મોંઘું થશે અને સિન્થેટિક દૂધ - ઝેરી દૂધ - પર નભવું પડશે.

**દહીં :** દહીં રુચિ તથા ભૂખ વધારનાર છે. હૃદયને શક્તિ આપે છે. પુષ્ટિકારક તેમજ વાયુનાશક છે.

**છાશ :** છાશ મનુષ્ય માટે અમૃત સમાન છે.


## ગાયના દૂધના વિશિષ્ટ ગુણધર્મો :

- ગાયનું દૂધ સ્નિગધ, શીતલ, શક્તિવર્ધક, સ્ફૂર્તિદાયક, તૃપ્ત, બુદ્ધિ અને બળ વધારનાર છે.
- ગાયનું દૂધ સ્વાસ્થ્ય સંબંધી આરોગ્ય અને આયુષ્ય વધારનાર તથા વૃદ્ધાવસ્થા દુર રાખનાર અને યૌવનને લાંબા સમય સુધી ટકાવી રાખે છે.
- ગાયના દૂધમાં સારા કોલેસ્ટેરોલનું પ્રમાણ વિશેષ હોય છે.
- ગાયનું દૂધ રેચક છે તેના કારણે આંતરડા સાફ કરી કબજીયાત દૂર કરે છે.
- ગાયનું દૂધ એન્ટી ઓક્સીડન્ટ તત્ત્વ ધરાવતું હોઈ કેન્સર જેવી બિમારીમાં ફાયદો કરે છે.
- ગાયનું દૂધ ઈમ્યુનોસ્ટીમ્યુલન્ટ અને બાયો એન્હાન્સર છે.
- ગાયનું દૂધ ત્રિદોષ (વાત, પિત અને કફ) દૂર કરનારૂ છે અને ટી.બી. ના ઉપચારમાં અત્યંત ફાયદાકારક છે.
- ગાયના દૂધમાં રહેલું સુવર્ણ તત્ત્વ લીવર, પેનક્રીયાસ, કીડનીના રોગના ઉપચારમાં ફાયદાકારક છે.




**ગાયનું દૂધ યૌવનને ટકાવી રાખે છે, ને વૃદ્ધાવસ્થાને દૂર રાખે છે.**

# ભારતીય ગાય અને જર્સી ગાય વચ્ચેનું અંતર



દેશી ગાય



જર્સી ગાય

**દેશી ગાય**

| | | |
|---|---|---|
| **ઉત્પતિ** | : | ક્ષીરસાગરના મંથનથી ભગવાન શ્રી હરિદ્વારા ઉત્પતિ |
| **ખૂંધ** | : | લગભગ ૬ ઈંચ ઉંચી હોય છે. |
| **આંખો** | : | મમતા ભરી અને સમાધીમાં હોય તેવી શાંત હોય છે. |
| **અવાજ** | : | સ્પષ્ટ - મધુર ઓમ અને અમ્બા જેવા શબ્દો. |
| **મહત્ત્વ** | : | ધાર્મિક વિધિઓમાં દેશી ગાયના ઘી-દૂધનો ઉપયોગ થાય છે. |

**જર્સી ગાય**

| | | |
|---|---|---|
| **ઉત્પતિ** | : | યુરોપના જંગલી જાનવર ભૂંડ તથા ઉરૂસના ગાય સાથે ક્રોસ બીડ કરી વર્ણશંકર ઉત્પતિ. |
| **ખૂંધ** | : | સપાટ હોય છે. |
| **આંખો** | : | વિકરાળ અને ભયાનક હોય છે. |
| **અવાજ** | : | સ્પષ્ટ - ગધેડો ભૂક્તો હોય તેવો અવાજ |
| **મહત્ત્વ** | : | જંગલી પશુના ગવ્યો દેવતા સ્વીકાર કરતાં નથી. |

જ્યારે ગાય શબ્દ વિશે વાત કરતા હોઈએ ત્યારે ગાય જ સમજવી. આજના સમયની કરુણતા છે કે મોટાભાગના લોકો દેશી ગાય અને જર્સી ગાય વચ્ચેનું અંતર સમજતા નથી. આજકાલ ભારતમાં મોટાભાગે જર્સી, હોસ્ટેન અને રેડિન ગાયોને દૂધ માટે રાખવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં આ બધી ગાયો નથી. કારણ કે એમનું મુળ ''ઉરૂસ'' (URUS) નામના જંગલી જાનવરના મૂળ સાથે છે. યુરોપમાં આ જાનવરનો શીકાર માંસ માટે કરવામાં આવે છે. આ જાનવરનું ક્રોસ બ્રિડિંગ ભારતીય ગાય સાથે કરાવીને જાનવરને વધુ મોટું અને કદાવર બનાવવામાં આવ્યું જેમાંથી વધુ માંસ મળે. ફરી દુધ વધુ આપે એ હેતુથી ભૂંડ (કે જે બધાજ પ્રાણીઓમાં વધુમાં વધુ દૂધ આપતી જાતિ છે. તેને ૧૪-૧૪ બચ્ચાઓ હોય છે અને સતત તેની માને ધાવતા હોય છે). સાથે આ પ્રાણીનું ક્રોસ બ્રીડિંગ કરવામાં આવ્યું જેને આપણે જર્સી ગાય કહીએ છીએ. જેનાથી ગાયના રૂપ રંગવાળુ નવું પ્રાણી જર્સી અસ્તિત્વમાં આવ્યું. એક આંચકારૂપ હકીકત એ છે કે જાનવર (જર્સી)નું દૂધ યુરોપમાં સીધુ ઉપયોગમાં નથી લેવાનું કારણ કે આના દૂધમાં **CASOMORPHINE** નામનું ઝેરી રસાયણ હોય છે. જે માનવ સ્વાસ્થ્ય માટે અતિ હાનિકારક છે. આ દૂધથી લોહીનું દબાણ, કેન્સર, ઢીચણનું જકડાવવું **Metabolic Degenerative, Autism, Diabetes Type - 1** અને માનસીક રોગ જેવા રોગ થાય છે. દેશી ગાયના દુધમાં મમતા અને વાત્સલ્ય છે, જે પોતાના વાછરડાનું મરણ થવાથી ગાય રડે છે. નવજાત વાછરડા પાસે કોઈને આવવા દેતી નથી. દેશી ગાયનું દૂધ પીનારા બાળકો મા-બાપ, ગુરૂ વગેરેનો આદર કરે છે. જ્યારે જર્સી ગાયમાં આવા કોઈ ગુણો નથી.

**ગાયનું દૂધ, ઘી, માખણ અમૃત છે અને માંસ માંદગીનું ઘર છે.**

**''બાઈબલ''**

આપણી માતા તો આપણને એક વર્ષ સુધી જ ધવરાવે છે,
જ્યારે ગૌ-માતા સદીયોથી દૂધપાન કરાવે છે.

## આપનું દાન... અમારું જીવન...




આપનો જન્મદિન
અમારો અભયદિન બનાવો.

આપના લગ્નોત્સવને
અમારો જીવનોત્સવ બનાવો.

સ્વજનના મૃત્યુનો શોક ગૌદાનથી હળવો બનાવો.

ધાર્મિક મહોત્સવને જીવદયાનો પણ મહોત્સવ બનાવો.

આપની માંદગીમાં પશુઓને શાતા આપી પુણ્યનું ઉપાર્જના કરો અને સાજા થાઓ.








અબોલ જીવો આપના પ્રત્યે આશાભરી મીટ માંડીને બેઠા છે.

આપ તેમના તારણહાર બની શકો છો.

# ।। हस्तस्य भूषणम् दानम् ।।

**પંછી પાની પીને સે ઘટે ન સરિતા નીર ।**
**દાન દીએ ધન ના ઘટે સહાય કરે રઘુવીર ॥**

સંસ્કૃત સુભાષિત કહે છે કે दानेन पाणि न तु कङ्कणेन । અર્થાત્ હાથ દાનથી શોભે છે, હાથની શોભા સોનાના કડા કે બ્રેસલેટ નહિ પરંતુ હાથ દાનથી શોભે.

ભારતની પવિત્ર ધરા પર એક પણ માણસ એવો નહિ હોય જે દાન નહીં કરતો હોય. આ ધરા પર એક પણ એવો હિંદુ નહિ હોય જેને ગાય પર પ્રેમ ન હોય. છતા ગાય ભૂખી કેમ? તરસી કેમ? રખડતી કેમ? માંદી કેમ?

માં તુલ્ય ગાય જયારે માંદી પડે, અકસ્માતને ભેટે ત્યારે તેને આપણી જરૂર હોય છે. અમારી પાસે આવી માંદી, અપંગ તમારી સેવાની રાહ જોતી ૮૦૦૦થી વધુ ગાયો છે. તમે તેને એકવાર મળવા આવો એકવાર જોવા આવો. તમને ભગવાને જે આપ્યું છે તેમાંથી તમે દાન આપો છો. તે દાન ક્યાં વપરાય છે તે જાણવાનો આપણો ધર્મ છે. વેદ વ્યાસ લખે છે.

कूपात्र दानात् अवेत् दरिद्रो, दारिद्रय दोषात् करोति पापम् ।
पाप प्रभावात नरकं प्रयाति, पुनः दरिद्रो पुनरेव पापी पुनः दरिद्रो पुनरेव पापी ।।

તમે જ્યારે ગાયને યાદ કરીને દાન આપો છો ત્યારે તે દાન તમારા ગજવામાંથી નહિં પરંતુ તમારા હૃદયમાંથી નીકળે છે. તેથી તે દાન માંદી, અપંગ અને અશક્ત ગાયના આહાર, સારવાર અને સર્જરીમાં વપરાય. તમારા દાનનો સદુપયોગ એ અમારો ધર્મ અને ફરજ છે.



આપણી સંસ્કૃતિ એટલે ઋષિની સંસ્કૃતિ

આપણી સંસકૃતિ એટલે ગાયની સંસ્કૃતિ
અને કૃષિનો આધાર એટલે ગાય
ગાય આપણા શ્રી કૃષ્ણને પ્રિય
ગાય આપણા ઘરના નાના નાના ભૂલકાઓને પ્રિય
તમને પણ ગાય પ્રિય
આ ગાય આધારિત સંસ્કૃતિને વિસારીને આધુનિકતાની દોડ આપણને મોંઘી પડી
ગાયને ભૂલ્યા એટલે આપણી સંવેદનશીલતા ઘટી, સમાજ પીડાગ્રસ્ત બન્યો.



## ગૌસ્વામી તુલસીદાસે ગાયોના ચાર આંચળને ધર્મ, અર્થ, કામને મોક્ષની સંજ્ઞા આપી છે.

**ગૌસ્વામી તુલસીદાસ કહે છે :**


सुपात्र दानात् भवेत् धनाढ्यो धन प्रभावात् करोति पुण्यं ।
पुण्यं प्रभावात् सुरलोकवासी पुनः धनढ्यो पुनरेव भोगीः धनाढ्यो पुनरेव भोगी ।।

મિત્રો, આ એજ ગાય છે જેને આપણા ઋષીઓએ માં કહી અને આપણા બાપ-દાદાઓએ પરિવારના સભ્યની જેમ સાચવી. આપણા દુઃખે ગાય આંસુ સારે. પોતાના સંતાનના ભાગનું દૂધ આપણા સંતાનને પીવડાવે. પોતાના સંતાનોને ગાય કે બળદના રૂપમાં આપણી સેવામાં ધરી દે.

भूकंप कहे गाई की गाथा । कांपे धरा त्रास अति जाता ।।
जा दिन धरा धेनुं न होई । धरा रसातल ता छन खोड़ ।।

ભુકંપ એ ગાયની ગાથા છે. ગાયો ઉપર જે જુલ્મો થાય છે તેથી ત્રાસીને ધરતી ધ્રુજે છે.
જે દિવસે ધરતીપર ગાયો નહિં હોય તે દિવસે ધરા રસાતાલ જશે.
ઋષિ, દેવ, સંત, વૃક્ષ, નદી અને ગાય - આ તો બધા ભગવાને મોકલેલા હોય છે આપણી સંભાળ લેવા માટે.

નદી પોતાનું પાણી ન પીએ. વૃક્ષ પોતાનું ફળ ન ખાય. ગાય પોતાનું દૂધ ન પીએ. परोपकाराय संतो विभूतयः ।। મહાન જીવો જ આવા પરોપકારી હોય છે. ગાય આવો મહાન જીવ છે.






### ગાય નિરપરાધી, ભલી, ભોળી અને પરોપકારી હોવાને કારણે વેદમાં ગૌહત્યારાને સીસાની ગોળીથી મારી નાખવાની આજ્ઞાનું વિધાન છે.

## ગૌ માતા માટે આપણે શું કરવું જોઈએ ?


# આવો સંકલ્પ કરીએ...

- ગૌ સેવા માટે પ્રત્યેક કુટુંબે ૧ ગાયના નિભાવ જેટલી રકમ દૈનિક ૩૫ રૂા. ના ગુણાંકમાં નજીકની ગૌશાળામાં જમા કરાવવી જોઈએ.
- દરેક વેપારીએ તેની વાર્ષિક આવકના ઓછામાં ઓછા ૧૦ ટકા ગૌ દાન માટે વાપરવા જોઈએ.
- ગૌ માતાના દૂધ-દહિં, ઘીનો તેમ ગૌમૂત્રની દવાઓનો ઉપયોગ કરવો તેમજ પ્રચાર-પ્રસાર કરવો જોઈએ.
- પૂજ્ય કથાકાર સંતોએ કથામાં ગૌ દાન પાત્ર મુકવા, ગૌ મહિમા ત્થા ગૌ દાન વિશે ઉપદેશ આપવા અમારી પ્રાર્થના છે.
- ગૌ માતા તેત્રીસ કોટી દેવતાઓનું મંદિર છે, ગૌ માતાનો ફોટો ઘરમાં રાખવાથી બધા દેવતાઓ પ્રસન્ન થાય છે.
- જન્મદિવસ, લગ્નતિથિ, શ્રાદ્ધ, સ્વજનોની પૂણ્યતિથિ કે અન્ય સારા-માઠા પ્રસંગોએ ગૌ શાળામાં જઈ ગૌ પૂજન કરી ગૌ દાન કરવું.
- ગૌ સેવા એ દરેક માનવ માત્રનો સ્વધર્મ, તેમજ યુગ ધર્મ છે.
- આપણા ધંધા રોજગારના સ્થળે ત્થા ઘરે ગૌદાન પેટી મુકવાનો સંકલ્પ કરો.



**ગૌ-માતા, ગંગા, ગીતા, ગાયત્રી અને ગણેશ આપણી સંસ્કૃતિના આધાર સ્તંભો છે.**

**ગાય વિષ્ણુંરૂપ છે એના બધા અંગોમાં**
**ભગવાન કેશવ બિરાજમાન છે.**




**ગાય રૂદ્રોની માતા, વસુઓની પુત્રી અને આદીત્યોની બહેન છે.**
**ઘી-દુધ અને અમૃતનું કેન્દ્રબિંદુ છે. વિચારશીલ પુરૂષો એ સમજાવી દીધું છે**
**કે ગાય પરોપકારી તેમજ અવધ્યા છે, એનો વધ કરશો નહીં.**

**ગાય સર્વ પ્રાણીઓની માતા છે.**
**સર્વ પ્રાણીઓને સમાનરૂપે સુખ આપે છે.**



શ્રી જલારામ ગૌશાળા ભાભર

# દાનપેટી

જલારામ ગૌશાળાનું રોજનું ખર્ચ રૂા. ત્રણ લાખ જેટલું થઈ જાય છે. ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય આ કહેવતને સાચી ઠેરવે એવી વાત છે. જલારામ ગૌશાળાની દાનપેટીઓ આપણે ગુજરાતમાં ઘણાબધા શહેરોમાં મુકી છે. લોકો રોજગારના સ્થળે અથવા ઘરમાં પૂજાના સ્થળે દાનપેટી રાખી

**૫/- રૂપીયા, ૧૦/- રૂપીયા દાનપેટીમાં મુકી ગૌદાન આપે છે.**




આમ આ નાની નાની દાનની સરવાણી સરિતા બની વાર્ષિક ૫૦ લાખ જેટલી આવક દાનપેટીના માધ્યમથી થઈ છે.

અમારી આગ્રહભરી વિનંતી છે કે આપને ત્યાં તથા આપના મિત્ર વર્તુળ-સગાસંબધીના ધંધાના સ્થળે ત્થા ઘરમાં આજે જ દાનપેટી મુકાવી આંગળી ચીંધ્યાનું પુણ્ય મેળવો. આપના ઘેર ત્થા દુકાન-ઓફીસમાં દાનપેટી મુકાવવા ફોન કરો.

**હર્ષદભાઈ પટેલ મો. ૯૭૧૪૭ ૩૨૦૦૦**
**ફોન : ૦૭૯ ૪૦૩૨૪૦૦૦**

## : અમદાવાદ સંપર્ક સૂત્ર :

### -: દાનહેતુ :-

| | |
|---|---|
| એલ. બી. ઠક્કર | ૯૮૨૪૦ ૩૧૧૦૧ |
| દીનેશભાઈ અનડા | ૦૭૯ ૪૮૦૦૪૧૫૮ |
| જયંતિભાઈ આચાર્ય | ૯૮૨૪૧ ૩૯૫૦૦ |
| પ્રકાશભાઈ ઠક્કર | ૯૯૨૪૯ ૪૧૦૦૦ |
| પ્રતાપભાઈ રૂપારેલ | ૯૩૭૭૭ ૯૫૭૦૨ |

### -: અમદાવાદ ટંકશાળ :-

| | |
|---|---|
| દિનેશભાઈ દક્ષીણી | ૯૮૨૪૦ ૭૬૩૯૭ |
| મગનલાલ કોઠારી | ૯૮૨૫૪ ૮૦૮૫૦ |
| પ્રકાશકુમાર કારીયા | ૯૪૨૮૮ ૦૪૯૭૬ |
| મનસુખભાઈ દક્ષીણી | ૯૮૨૫૦ ૨૫૮૮૦ |
| કેશવલાલ હાલાણી | ૯૯૦૪૧ ૬૦૬૭૫ |
| પ્રવિણકુમાર દક્ષીણી | ૯૮૨૫૪ ૩૬૨૦૦ |
| શંકરલાલ કારીયા | ૯૯૨૫૨ ૪૭૧૧૧ |
| બંટીભાઈ આચાર્ય | ૯૯૦૯૯ ૫૨૪૧૧ |

**શ્રી હરિધામ ગૌશાળા :**
ટ્રસ્ટ રજી. નં. ઈ- ૧૨૧૩ બ.કાં., PAN No. : AAHTS8640K
**શ્રી જલારામ ગૌશાળા :**
ટ્રસ્ટ રજી. નં. ઈ-૯૫૫ બ.કાં., PAN No. : AAATP5789K

**આજના યુગમાં ઘેર ગાય પાળવી શકય નથી તો રોજના ૧ ગાયના ખોરાકના ૩૫ રૂ. પ્રમાણે રૂ. ૧૨,૦૦૦/-નું દાન આપી ૧ વર્ષ એક ગાયના ગુણાંકમાં વધુમાં વધુ ગાયો પાળવાનું પુણ્ય કમાવો.**

સંસ્થાને આપેલ દાન કલમ ૮૦-જી હેઠળ કરમુક્ત છે

**સ્નાનથી શરીર શુદ્ધ થાય છે, દાનથી ધન શુદ્ધ થાય છે, ધર્મથી આત્મા શુદ્ધ થાય છે.**